# રાજ્યમાં વધતો કોરોનાનો આતંક, વધુ ૪૦૫ કેસ

## અમદાવાદમાં નવા ૩૧૦ કેસોથી હાહાકાર : ૨૪ કલાકમાં ૩૦ લોકોના મૃત્યુ થયા : અત્યાર સુધીના કુલ ૧૪૪૬૮ પોઝિટિવ કેસો અને ૧૦૯ વેન્ટીલેટર પર

ગાંધીનગર,તા.૨૫

ગુજરાતમાં કોરોના વિસ્ફોટ જારી રહ્યો છે. આજે વધુ ૪૦૫ કેસ સપાટી પર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા વધીને ૧૪૪૬૮ સુધી પહોંચી હતી. આજે વધુ ૩૦ લોકોના મોત સાથે ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૮૮૮ પર પહોંચ્યો હતો. હજુ સુધી ૧૦૯ દર્દીઓ વેન્ટીલેટર પર છે અનો ૬૮૩૫ દર્દીઓ સ્થિર હાલતમાં છે તે જોતા સ્થિતિનો સંકેત મળે છે. આજે અમદાવાદમાં ૨૫ લોકોના મોત થયા હતા. હજુ સુધી ૧૮૬૩૬૧ ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે જે પૈકી ૧૭૧૮૯૩ કેસ નેગેટીવ રહ્યા છે. આજે ૨૨૪ દર્દીઓને સ્વસ્થ થયા બાદ રજા આપી દેવાઈ હતી.

અમદાવાદમાં સ્થિતિ સૌથી ચિંતાજનક રીતે બનેલી છે કારણ કે કેસોમાં જોરદાર વિસ્ફોટ થઈ રહ્યો છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે. અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીય રીતે વધ્યો છે.આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી યથાવત રીતે જારી રહી હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૩૧૦ કેસો સપાટી પર આવ્યા હતા. હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છે. અમદાવાદમાં આજે જે ૩૧૦ પોઝિટિવ કેસ આવ્યા હતા. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઇ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. અમદાવાદ હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના દર્દીઓની વાત કરવામાં આવે તો સંખ્યા અમદાવાદમાં સૌથી વધારે વધી રહી છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં અમદાવાદ સિવાય જ્યાં કેસોની સંખ્યા સૌથી વધારે રહી છે તેમાં સુરતનો સમાવેશ થાય છે. રાજ્યના હોટસ્પોટ એવા અમદાવાદ, સુરત અને વડોદરાને લઈને કેન્દ્રીય સ્તર સુધી પણ નોંધ લેવામાં આવી છે. કારણ કે, આ તમામ વિસ્તારોમાં કેસોની સંખ્યામાં ઝડપી વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં કેસોની સંખ્યામાં સૌથી ધબડકો જોવા મળી રહ્યો છે. સૌથી વધારે ગંભીર સ્થિતિ અમદાવાદમાં દેખાઈ રહી છે કારણ કે ગુજરાતમાં જે ૧૪૪૬૮ કેસ નોંધાયા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં જ છે. એકલા અમદાવાદમાં ૧૦૫૯૦ કેસો છે. એકલા અમદાવાદમાં ૭૨૨ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે ડિસ્ચાર્જ કરાયેલા દર્દીઓની સંખ્યા એકલા અમદાવાદમાં ૪૧૮૭ રહી છે જે નિરાશાજનક આંકડા કહી શકાય છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૦૫૯૦ | ૭૨૨ | ૪૧૮૭ |
| સુરત | ૧૩૫૧ | ૬૨ | ૯૩૧ |
| વડોદરા | ૮૫૪ | ૩૫ | ૫૧૦ |
| ગાંધીનગર | ૨૨૫ | ૧૩ | ૧૨૧ |
| ભાવનગર | ૧૧૭ | ૦૮ | ૯૧ |
| બનાસકાંઠા | ૯૯ | ૦૪ | ૭૮ |
| આણંદ | ૯૩ | ૧૦ | ૭૭ |
| રાજકોટ | ૯૩ | ૦૨ | ૬૬ |
| અરવલ્લી | ૯૯ | ૦૩ | ૭૭ |
| મહેસાણા | ૧૦૨ | ૦૪ | ૫૬ |
| પંચમહાલ | ૭૭ | ૦૬ | ૬૭ |
| બોટાદ | ૫૭ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૮૮ | ૦૧ | ૪૧ |
| ખેડા | ૬૩ | ૦૩ | ૩૫ |
| પાટણ | ૭૨ | ૦૪ | ૩૫ |
| જામનગર | ૪૭ | ૦૨ | ૩૧ |
| ભરૂચ | ૩૭ | ૦૩ | ૨૮ |
| સાબરકાંઠા | ૮૯ | ૦૩ | ૨૦ |
| ગીર-સોમનાથ | ૪૪ | ૦૦ | ૨૨ |
| દાહોદ | ૩૬ | ૦૦ | ૧૮ |
| છોટાઉદેપુર | ૨૨ | ૦૦ | ૨૧ |
| કચ્છ | ૬૪ | ૦૧ | ૧૨ |
| નર્મદા | ૧૮ | ૦૦ | ૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૨૦ | ૦૧ | ૦૫ |
| નવસારી | ૧૬ | ૦૦ | ૦૮ |
| જૂનાગઢ | ૨૬ | ૦૦ | ૦૮ |
| પોરબંદર | ૦૭ | ૦૦ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૨૫ | ૦૦ | ૦૩ |
| મોરબી | ૦૩ | ૦૦ | ૦૨ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૬ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૪૪૬૮ | ૮૮૮ | ૬૬૩૬ |

## ૮૩૯ સ્પેશિયલ ટ્રેન દ્વારા ૧૨ લાખથી વધુને વતન મોકલાયા

### યુપી, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, ત્રિપુરા, આંધ્ર સહિત રાજ્યોમાં પરપ્રાંતિય શ્રમિકોને વતન રવાના કરાયા છે

મુખ્યમંત્રી વિજય રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા તા.૨૫મી મે, સોમવારની રાત્રિ સુધીમાં દેશભરમાં સૌથી વધુ ૮૮૨ વિશેષ શ્રમિક સ્પેશયલ ટ્રેન દ્વારા આશરે ૧૨.૯૬ લાખ જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારોને તેમના વતન રાજ્યમાં મોકલવાની સફળતાપૂર્વક વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વધુ વિગતો આપતા જણાવ્યું કે, પરપ્રાંતિય શ્રમિકો - કામદારોને તેમના વતન રાજ્ય મોકલવા માટે તા.૨૪મી મે મધ્યરાત્રિ સુધીમાં સમગ્ર દેશમાંથી દોડેલી કુલ ૨,૯૮૯ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો મારફત આશરે ૪૦ લાખ જેટલા શ્રમિક ભાઈઓ-બહેનો પોતાના વતન રાજ્યમાં પહોંચ્યા છે. આ ૨,૯૮૯ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો પૈકી ૮૩૯ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો માત્ર ગુજરાતમાંથી દોડાવવામાં આવી છે અને આ ૮૩૯ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો મારફત ગુજરાતમાંથી આશરે ૧૨ લાખ ૨૮ હજાર જેટલા પરપ્રાંતિય શ્રમિક ભાઈઓ-બહેનોને પોતાના વતન રાજ્યમાં કોઈપણ અડચણ કે મુશ્કેલી વગર પહોંચાડવામાં આવ્યા છે. હવે, તા.૨૫મી મે, સોમવાર મધ્યરાત્રિ સુધીમાં વધુ ૪૩ ટ્રેન દ્વારા ૬૮ હજાર પરપ્રાંતિય શ્રમિકો તેમના વતન રાજ્ય ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, ત્રિપુરા, આંધ્રપ્રદેશ વગેરેમાં જવા રવાના થશે. જે ૪૩ શ્રમિક ટ્રેનો રવાના થવાની છે તેમાં ઉત્તરપ્રદેશ માટે સુરતમાંથી ૧૪, ગાંધીધામ - મોરબી - મહેસાણામાંથી ૧-૧ એમ કુલ ૧૭ ટ્રેન, બિહાર માટે સુરતમાંથી ૦૮, રાજકોટમાંથી ૦૨, ગાંધીધામ – ભાવનગર – મહેસાણામાંથી ૧-૧ એમ કુલ ૧૩ ટ્રેન, ઝારખંડ માટે સુરતમાંથી ૦૨ અને રાજકોટમાંથી ૦૧ એમ કુલ ૦૩ ટ્રેન, આંધ્રપ્રદેશ માટે ગાંધીધામમાંથી ૦૧ ટ્રેન, ત્રિપુરા માટે અમદાવાદમાંથી ૦૧ ટ્રેન અને ઓરિસ્સા માટે સુરતમાંથી ૦૬, રાજકોટ-અમદાવાદમાંથી ૧-૧ એમ કુલ ૦૮ ટ્રેન દોડશે.



## ડીસામાં કુલરની ખરીદીમાં ભારે ભીડ...

ડીસા સહિત જિલ્લામાં સૂરજ દાદા આકરા તપતા 'હિટવેવ'ની સ્થિતિ સર્જાઈ છે. દેહ દઝાડતી ગરમીથી આમ પ્રજા સાથે પશુ-પંખી જીવો આકુળવ્યાકુળ થઈ ગયા છે તેથી ગરમીથી રાહત મેળવવા લોકો એર કુલરના બદલે કિફાયતી પડતા ઠંડા... ઠંડા... કુલરની ખરીદી કરવા લાગ્યા છે તેથી લોકડાઉન બાદ બજારો ખુલતા જ ખાસ કરીને કુલરનું વેચાણ કરતા ઈલેક્ટ્રોનિક શો રૂમ અને દુકાનોમાં ગ્રાહકોની ચહલપહલ વધી પડી છે. નજીકમાં ચોમાસુ હોઈ વેપારીઓ પણ ઓછામાં માલ ખપાવી રહ્યા છે તેથી ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો હોંશભેર કુલરની ખરીદી કરતા નજરે પડે છે.

## પાંથાવાડાની એસ.એસ. વિદ્યા સંકુલની વિદ્યાર્થીનીએ વિજ્ઞાન પ્રવાહમાં મેદાન મારીને ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં પ્રથમ ક્રમ મેળવ્યો

બનાસકાંઠા જિલ્લાના રાજસ્થાનને સરહદને અડીને આવેલા પાંથાવાડા પંથકમાં એસ.એસ. વિદ્યા સંકુલ રણની અંદર મીઠી વાવડી સાબિત થઈ રહી છે. ધાનેરા તાલુકા અને દાંતીવાડા તાલુકામાં પાંથાવાડાની એસ.એસ. વિદ્યા સકુલની વિદ્યાર્થીની ત્રિવેદી શ્રુતિબેન અરવિદકુમારે વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં મેદાન માર્યું છે.



એસ.એસ. વિદ્યા સકુલની વિદ્યાર્થીની ત્રિવેદી શ્રુતિબેન અરવિદ કુમારે ૧૨ સાયન્સમાં ૯૯.૨૧ પી.આર સાથે દાંતીવાડા અને ધાનેરા તાલુકામાં પ્રથમ રહીને શાળા તેમજ પંથવાડાનું ગૌરવ વધાર્યું છે.. હવે નજર કરીએ શ્રુતિના પરિણામ પર તો શ્રુતિએ ૬૫૦માંથી ૫૪૮ માર્ક્સ મેળવ્યા છે અને ધાનેરા કેન્દ્રમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ શ્રુતિ પોતાની સફળતાનો શ્રેય શાળાના શિક્ષકો અને મેનેજમેન્ટને આપી રહી છે. શ્રુતિની ઈચ્છા નાનપણથી જ ડોકટર બનવાની હતી.. હવે વાત કરીએ શ્રુતિને સફળતા અપાવનાર શ્રુતિની શાળા એસ.એસ. વિદ્યા સકુલની તો એસ.એસ. વિદ્યા સકુલની સ્થાપના ૨૦૧૫માં થઇ હતી.

સતત ૫ વર્ષથી એસ. એસ. વિધા સકુલનું સરેરાશ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૫? થી વધુ રહ્યું છે.. એસ. એસ. વિધા સકુલના ૩વિદ્યાર્થીઓને સ્મ્મ્જી અને ૪ વિદ્યાર્થીઓને પેરા મેડીકલમાં એડમિશન મેળવ્યુ છે. જ્યારે અનેક વિદ્યાર્થીઓ એન્જીનયરીગ અને અન્ય પ્રોફેશનલ કોર્ષમાં એડમિશન મેળવ્યુ છે.. આ વર્ષે પણ શાળાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨ટકા થી ઉપર આવ્યું છે.. એસ.એસ. વિધા સકુલની ખાસિયત એ છે કે આ શાળાનું મેનેજમેન્ટ શિક્ષણ સાથે સંકળાયેલા તજજ્ઞો દ્વારા થાય છે...આ શાળા દ્વારા ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓનો દર અઠવાડિયા એ ટેસ્ટ લેવામાં આવે છે તે ઉપરાંત ટેસ્ટના પરિણામની જાણ વાલીઓને જદ્દજ થી કરવામાં આવે છે. અને જે વિદ્યાર્થીઓનું ટેસ્ટમાં સારું પરિણામ ના આવે તે વિદ્યાર્થીઓના વાલીઓને શાળામાં બોલાવી શિક્ષકો તેમની સાથે ચર્ચા કરી વિદ્યાર્થીનું પરિણામ સારું લાવવા મહેનત કરે છે.. રાજસ્થાન સરહદે અડીને આવેલ પાથાવાડાની એસ.એસ. વિધા સકુલ અધતન બિલ્ડીંગ સાથે આંધુનિક સુવિધાઓ પણ ધરાવે છે તે ઉપરાન્ત સાયન્સના વિદ્યાર્થીઓ માટે આધુનિક સાધનો ધરાવતી લેબ પણ છે..બહાર થી આવતા વિદ્યાર્થી માટે આધુનિક હોસ્ટેલ અને ટ્રાન્સપોટની સુવિધાઓ પણ ધરાવે છે.

## પાલનપુરમાં કોરોના વોરિયર્સને સુરક્ષિત રાખવા માસ્કનું વિતરણ કરતાં સેવાભાવીઓ

કોરોના વાયરસ એ દેશ દુનિયાને હેરાન કરી દીધા છે તેવા સંજોગો માં કેટલાક સારા વ્યક્તિઓ પોતાના સ્વર ખર્ચે ભોજન સેવા કરિયાણા ની કીટો ચા પાણી કોફી ગરમ ઉકાળો ગરીબો માટે બે સમયે ભોજનની



વ્યવસ્થા ઈત્યાદિ ની સેવાઓ વિનામૂલ્યે લોકો ને પૂરી પાડી રહ્યા છે પાલનપુર માં પણ સેવાભાવી સંસ્થાઓ તેમજ કેટલાક સારા વ્યક્તિઓ ભોજન ચા પાણી કોફી કરિયાણાની કીટ ઈત્યાદિ વિનામૂલ્યે વિતરણ લોકો ને કરિરહયા છે પાલનપુર નગરપાલિકા માં ફરજ બજાવતા મહેન્દ્રભાઈ રાઠોડ તેમજ સેવનતી ભાઈ ઠક્કર અને વિરેન્દ્ર કપૂર પોતાના સ્વખર્ચે ૨૫ દિવસોથી લોકહિત સેવા અર્થે ફ્રીમાં માસક નુ વિતરણ કરી રહ્યા છે પાલનપુર નગરપાલિકા માં ફરજ બજાવતા મહેન્દ્રભાઈ રાઠોડ તેમજ સેવનતી ભાઈ ઠક્કર તેમજ મીડિયા કર્મી વિરેન્દ્રભાઈ કપૂર પોતાના સ્વ ખર્ચે અત્યાર સુધી ૫૦૦ થી વધુ માંસકનું વિતરણ કરી ચૂક્યા છે.



પાલનપુર પંથકમાં દૂધની ખાનગી ડેરી ધરાવતા મિસ મિલ્કી કંપનીના માલિક જયેશભાઈ પટેલ અને તેમની ટીમે પાલનપુર પંથકમાં ફરજ બજાવતા કારોના વોરિયર્સ જેવા કે પોલીસકર્મી હોમગાર્ડ જવાનો ટીઆરબી જવાનો મીડિયા કર્મીઓ અને સફાઇ કામદારોને વહેલી સવારે બપોરે અને સાંજે તેમજ ચોવીસ કલાક ચા કોફી અને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરી રહ્યા છે.

### તનાવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યું. છે. જોકે, ભારતના આ પગલાથી ચીન ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. સવાલ એ છે કે જો ચીનનો હેતુ યોગ્ય છે, તો પછી રોકાણની તપાસ કરવામાં કેમ ડર છે? ચીનના સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સે ચીન તરફથી આવતા રોકાણો અંગે ભારતની કડકતાને ભેદભાવપૂર્ણ ગણાવ્યું હતું. તે લેખમાં, બેઈજિંગના સિંહુઆ યુનિવર્સિટીની રાષ્ટ્રીય વ્યૂહરચના સંસ્થાના સંશોધન વિભાગના ડિરેક્ટર બોલ્યા છે. તેમણે કહ્યું છે કે ભારત તરફથી આવી કડકતાને કારણે કોરોના રોગચાળા દરમિયાન ચીનના અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે છે. તેમણે એમ પણ કહ્યું છે કે ભારતમાં વિપક્ષે કહ્યું છે કે આવી કડકતા બરાબર નથી અને અપેક્ષા છે કે ભારત આ ખોટી દિશા તરફ જવાનું બંધ કરશે, કારણ કે તે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય કરારને પણ નુકસાન પહોંચાડે છે. તેમના લેખમાં, તેઓ અમેરિકા વિશે વાત કરવાનું ભૂલ્યા નહીં અને લખ્યું કે હાલમાં યુ.એસ. માં ચીન સામે રાજકીય વાયરસ ફેલાઈ રહ્યો છે અને એવી અપેક્ષા છે કે તે ભારતને ચેપ લગાડે નહીં. યુએસ અને ચીન વચ્ચેના સંબંધો પહેલાથી ખૂબ સારા ન હતા અને કોરોનાએ જે સારું કર્યું તેનો અંત આવ્યો. ચીન આરોપ લગાવી રહ્યું છે કે વાયરસ ત્યાંની એક લેબોમાં બનાવવામાં આવ્યો છે અને ત્યાંથી લીક થઈ ગયો છે, પરંતુ ચીન આ આરોપને નકારી રહ્યો છે. તે જ સમયે, આ કોરોના વાયરસને કારણે, વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ, અમેરિકા સૌથી વધુ અસરગ્રસ્ત છે, જ્યાં આ ચેપ ૧.૬ મિલિયનથી વધુ લોકોમાં ફેલાયેલો છે અને મૃત્યુની સંખ્યા ૧ લાખના આંકડાને સ્પર્શવા માટે ભયાવહ છે. અમેરિકા વધુ ગુસ્સે છે અને સમાચાર એ છે કે તેઓએ તેમની કંપનીઓને ચીનથી હાંકી કા .વાની નીતિ તૈયાર કરી છે. સારું, તે આશ્ચર્યજનક ન હોવું જોઈએ કારણ કે દુશ્મનનો મિત્ર હંમેશા જોખમી હોય છે. અને ચીન માટે અમેરિકા અને ભારત બંને તેના દુશ્મનો જેવું છે. આવી સ્થિતિમાં બે દુશ્મનો સાથે જોડાવાથી ચીન ખુશ નથી. સરહદ પર પણ એવો જ ગુસ્સો જોવા મળી રહ્યો છે. ચીન ભારતને ચેતવવા માટે એક એવી રીત પણ કહી રહ્યું છે કે અમેરિકામાં આ દિવસોમાં ચીન સામે રાજકીય વાયરસ ફેલાઈ રહ્યો છે. આશા છે કે આ વાયરસ ભારતને ચેપ લગાડે નહીં. દરેકના મનમાં જે સવાલ ઉભો થાય છે તે છે કે અમેરિકાથી કંપનીઓને પાછા લાવવાની નીતિ બનાવવા માટે ચીન ભારત પર કેમ ગુસ્સે છે?

### વિશ્વમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધીને ૩૩૫૧૬૨ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૫૧૧ પર પહોંચી ચુકી છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. દુનિયાભરમાં કોરોનાના વાયરસનો કહેર હજુ પણ યથાવતરીતે જારી રહ્યો છે. અમેરિકા, રશિયા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની અને ભારત પણ બચી શક્યું નથી. ભારતમાં પણ કેસોની સંખ્યા અવિરતપણે વધી રહી છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. સૌથી વધારે અસરગ્રસ્ત દેશોમાં સ્થિતી સુધરી રહી નથી. કોરોનાથી પ્રભાવિ તમામ દેશોના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ નુકસાન થયુ છે.

### વાવાઝોડાની સંભાવના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી એટલે નિરનિરંતર ચોમાસાનુ હજુ વાર છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં ગુજરાતમાં નિરનિરંતર વરસાદની શકયાત છે. અને તે પુર્વે સાયકલોનીક સરક્યુલેશનના લીધે વરસાદ થવાની સંભાવના છે. ગુજરાતમાં તા ૧૩ થી ૧૫ જુન વાવાઝોડા અને તા ૨૧ જુન આસપાસ વરસાદની શક્યતા છે. નિયમિત ચોમાસુ જુલાઈ મહીનાના પ્રથમ સપ્તાહથી બેસવાની સંભાવના છે. આ વર્ષે ચોમાસુ સારુ રહેશે. તા ૩૧ મેં થી ૭ જુન વચ્ચે અરબી સમુદ્રમાં વાવાઝોડાની ગતિવિધિ વધે પરંતુ આવા વાવાઝોડા સામાન્ય રીતે ઓમાન તરફ ફંટાઈ જતા હોય છે. તા ૨૭ મેંથી ૬ જુન આંધી વંટોળની પણ શકયતા છે. રોહીણી નક્ષત્રનો વરસાદ થાય દરિયાકીનારાના ભાગોમાં વરસાદ પણ થાય છે.

### ગૂંજી ઉઠ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈ છે. આ વિશે એર ઈન્ડિયાએ પહેલાં કોઈ માહિતી નહતી આપી. ફ્લાઈટ કેન્સલ થતાં પહેલાં કોઈ એસએમએસ કે ફોન પણ નહતો આવ્યો અને ઓનલાઈન ચેક કર્યું તેમાં પણ ફ્લાઈટ કેન્સલ નહતી બતાવતી. હું જ્યારે એરપોર્ટ આવ્યો ત્યારે એર ઈન્ડિયા સ્ટાફે કહ્યું કે, તમારી ફ્લાઈટ કેન્સલ થઈ છે.ઈમરાન હવે હતાશ થઈને એરપોર્ટથી પરત ફરી રહ્યા છે. ઘણી ફ્લાઈટ કેન્સલ કરી દેવામાં આવી છે અને ઘણી ફ્લાઈટ્સના ટાઈમ ૧૦-૧૨ કલાક પાછળ કરવામાં આવ્યો છે.

મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ થવા લેટ થવા વિશે એક અધિકારીએ જણાવ્યું કે, ઘણાં રાજ્યોએ ફ્લાઈટ્સને મંજૂરી આપવાની ના પાડી દીધી છે, તેથી તકલીફ વધી રહી છે. બંગાળની દરેક ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. આ સિવાય અન્ય અમુક રાજ્યોમાં પણ જતી ફ્લાઈટ્સમાં આવું થયું છે.

કોટાથી દિલ્હી એરપોર્ટ પહોંચેલા એક મુસાફરે જણાવ્યું કે, અમે ૧૬ સ્ટૂડન્ટ છીએ. દરેક કોટામાં મેડિકલની તૈયારી કરી રહ્યા હતા. અમારી સવારે ૪ વાગે પોર્ટ બ્લેયરની ફ્લાઈટ હતી, જે રદ કરી દેવામાં આવી છે. અમે લોકો રાત્રે અંદાજે ૧૨ વાગે એરપોર્ટ પહોંચી ગયા હતા. આખી રાત અમે જમીન પર બેસી રહ્યા અને અત્યારે પણ એરલાઈન્સે અમને કોઈ રેસ્ટ રૂમ અથવા લોન્જ નથી આપ્યું. તે લોકો હવે એવું કહી રહ્યા છે કે, કદાચ સાંજે ફ્લાઈટ ઉપડશે, પરંતુ એ પણ નક્કી નથી.

પેસેન્જર્સની તૈયારીઓ જોઈને સ્પષ્ટ લાગે છે કે તેઓ ઉડાન ભરવા કેટલા ઉત્સુક છે. દરેક વ્યક્તિ ન્યૂ નોર્મલની અપેક્ષાઓ પ્રમાણે તૈયારી પૂરી કરીને એરપોર્ટ પહોંચ્યા છે. ચહેરા પર માસ્ક, હાથમાં ગ્લવ્સ સિવાય અમુક યાત્રીઓ ઓવરઓલ પર્સનલ પ્રોટેક્શન ગીયર સાથે એરપોર્ટ પર સવારે પહોંચી ગયા હતા.

એવું લાગે છે કે, કોરાના આખા વિશ્વ ઉપર હાવી છે. સવારે એરપોર્ટ પર માસ્ક, શીલ્ડ અને પીપીઈ કિટ વેચનારની દુકાને જ સૌથી વધારે ભીડ જોવા મળી હતી. જે યાત્રીઓ એરપોર્ટ પર હતા તેમાં સૌથી વધારે સ્ટૂડન્ટ, વૃદ્ધ અને નાના બાળકો હતા.

### દેશમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

તો બીજી તરફ ૧૪,૦૬૩ દર્દીઓ સાથે ગુજરાત ત્રીજા નંબરે છે. રવિવારે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૧૬૩૫ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા હતા. માત્ર મુંબઈમાં કોરોના દર્દીઓમાંથી ૯૮૮ લોકોના મોત થયા છે. તમિલનાડું દેશું આઠમું રાજ્ય બન્યું છે જ્યાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે.

મહારાષ્ટ્રના વધુ ૫૧ પોલીસકર્મી કોરોના પોઝિટિવ જાહેર થતાં, કુલ સંક્રમિત પોલીસકર્મીનો આંકડો ૧૮૦૯એ પહોંચ્યો છે. તો બીજી તરફ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનના કાર્યાલયનો એક સ્ટાફ કોરોના પોઝિટિવ જાહેર થયો છે.

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ જીસી મુર્મૂ(ગુજરાત કેડર)ના સલાહકાર આરઆર ભટનાગરની પત્ની અને દીકરો કોરોના પોઝિટિવ જાહેર થયા છે. તે બન્ને રવિવારે દિલ્હીથી જમ્મુ આવ્યા બતા. આરઆર ભટનાગરે પોતાને પણ સેલ્ફ ક્વૉરન્ટીન કરી લીધા છે. તેમની પત્ની દિલ્હીમાં ડોક્ટર છે. ભટનાગર પહેલા સીઆરપીએફના ડીજી પણ રહી ચુક્યા છે.

### ફરીથી સીલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાઝિયાબાદમાં પ્રવેશ આપવામાં આવશે. યુપીમાં વિદેશથી આવતા લોકોએ પોતાના ખર્ચે ૭ દિવસની કક્ટક્રિરેન્ટાઇન હોટલ પર કરવી પડશે જોકે ડીએમે કહ્યું કે ડોક્ટરો, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ, બેંક કર્મચારીઓને પાસની જરૂર રહેશે નહીં. આ લોકોને તમારું ઓળખ કાર્ડ બતાવવા માટે તે પૂરતું હશે. તેની ઓળખપત્રો જોઈને, તેને સરહદ પાર કરવાની મંજૂરી આપવામાં આવશે. તે જ સમયે, એમ્બ્યુલન્સ કોઈપણ વિક્ષેપ વિના આવી અને જઈ શકે છે. ભારત સરકારમાં કાર્યરત નાયબ સચિવ અને ઉપરોક્ત અધિકારીઓને પણ ઓળખ કાર્ડના આધારે મુસાફરી કરવાની છૂટ આપવામાં આવશે. ડીએમએ આદેશમાં કહ્યું છે કે ગાઝિયાબાદમાં ઘણા સરકારી કર્મચારીઓ છે જેઓ દિલ્હીમાં કામ કરે છે.